ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-
૧૯૭૪ માં વિનિયમ ૨૪(૧) ની નવી
જોગવાઇ દાખલ કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૯/૯૧૪/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૧/૦૯/૨૦૨૦

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૦/૦૯/૧૯૬૭ નો ઠરાવ નંબર:હનપ/૧૧૬૭/ક
(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૩૦/૦૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક:
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૯/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૦૫/૧૯૩૪/ગ.
(૪) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૦૯/૧૦/૨૦૧૯ નો પત્ર ક્રમાંક:મઉમશબ / સંશોધન/૨૦૧૯/૩૪૮૯-૯૦
(૫) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૨૮/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક:મઉશબ/ સંશોધન/૨૦૨૦/૨૦૬૦-૬૧.

<u>આ મુ ખ-</u>

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૧) સામેના તા.૨૦/૦૯/૧૯૬૭ ના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારીઓ માટે હિન્દીની પરીક્ષા પાસ કરવાનું ઠરાવેલ છે. તેમજ સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૨) સામેના તા.૩૦/૦૯/૨૦૦૬ ના ઠરાવથી રાજ્ય સરકારની ઇ-ગર્વનન્સ નીતિ અન્વયે સીધી ભરતી/બઢતી અન્વયે વર્ગ-૩ ના કર્મચારીઓ માટે CCC અને વર્ગ-૧ અને વર્ગ-૨ ના કર્મચારીઓ માટે CCC+ "કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષાના આયોજન અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૩) સામેના તા.૦૧/૦૯/૨૦૦૭ ના ઠરાવથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ માટે પાત્ર થનારા કર્મચારીઓ માટે તાત્કાલિક અસરથી ખાતાકીય પરીક્ષાની જોગવાઇ દાખલ કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઇ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) સામેના પત્રોથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના માટે હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય(CCC)

તાલીમ પરીક્ષા પાસ કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં વિનિયમ-૨૪(૧) તરીકે નવી જોગવાઇ દાખલ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૪ માં નીચે મુજબનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિનિયમ ક્રમાંક: ૨૪ (૧)

"રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ યોજના માટે રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા તેમજ શૈક્ષણિક કર્મચારીઓએ હિન્દીની પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ.૧-શાખા અને ગ.૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- ના. સે. અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.